વડીલોને વંદન અભિનંદન

ડાહ્યાભાઈ શાંતિલાલ ગાંધી
(૧૯૨૮)ફોન: ૨૩૨૮૮૯૩૭


જસાભાઈ હરિભાઈ પટેલ
(૧૯૩૦)ફોન: ૨૩૨૨૩૦૮૨

મૃદુલા હર્ષદભાઈ ગાંધી
(૧૯૪૨)ફોન: ૨૩૨૨૬૦૬૨

ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ
(૧૯૪૮)ફોન: ૨૩૨૧૦૫૨૯

મુકેશભાઈ ગોપાલભાઈ પટેલ
(૧૯૩૯)ફોન: ૨૩૨૪૦૭૮૪

વિમલાબેન નવનીતલાલ શાહ
(૧૯૪૧)ફોન: ૨૩૨૨૨૯૯૨

ભવાનીશંકર નાગરદાસ પંડ્યા
(૧૯૪૩)ફોન: ૨૩૨૩૪૩૮૦

અપંગોને વિવિધ સહાયની આવશ્યકતા

વિશ્વ વિકલાંગ દિને શારીરિક, માનસિક વિકલાંગોની વ્યથા વર્ણવી તેમના માટેની અનેક યોજનાઓની માહિતીઓની ટેપ વગાડાશે : પોલીયોગ્રસ્ત પગમાં જોમ ભરવાના, અંધ આંખોમાં સ્વપ્ના મુકવાના અને વંકાયેલ હાથમાં સ્વનિર્ભરતાના વચનોરૂપી તાલીઓ પડાવાશે પરંતુ વિકલાંગો સુધી ખરેખર શું ? કેટલું ? ક્યારે અને કેમ પહોંચે છે ? તે વિચારવાનો સમય કે, સમજ ક્યાંય નથી આજે બૌદ્ધિક વિકલાંગતા કહેવાય કે, બીજુ કાંઈ..? તે વિચારપ્રેરક પ્રશ્ન છે...!

વિશ્વ વિકલાંગ દિન ત્રીજી ડિસેમ્બરે ઉજવાશે ત્યારે 'વિકલાંગો'ની વર્તમાનમાં સ્થિતિ શું...? તે અંગે વિસાવદર સ્થિત રાજ્યકક્ષાની,સરકાર માન્ય સંસ્થા 'ગુજરાત વિકલાંગ વર્તુળે' પ્રકાશ પાડ્યો છે.

સંસ્થાના રાજ્ય પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ હરવાણીના જણાવ્યા અનુસાર દેશમાં વિકલાંગોની સંખ્યા ૧ કરોડ ૪૧ લાખ છે. જ્યારે ગુજરાતમાં ૨૫ લાખ વિકલાંગો છે. વિકલાંગતા કોઈ બિમારી કે, અભિશાપ નથી. વિકલાંગોને દયાની નહી, હૂંફની જરૂર છે, આવા સુંવાળા અને અલંકારીક વાક્યો સાથે સરકાર વિકલાંગોના નામે જબરી ગુલબાંગો હાંકે છે પરંતુ ગુજરાતભરમાં વિકલાંગોની ખરેખર વાસ્તવિક સ્થિતિ શું છે...? તેનું સર્વેક્ષણ દેશની કોઈ વિશ્વસનીય સંસ્થા દ્વારા કરાવવામાં આવે તો કડવી વાસ્તવિકતા બહાર આવે તેમ છે...!

સમાજ સુરક્ષા વિભાગ દ્વારા જિલ્લામથકેથી જ અપંગોને ત્વરિત 'ઓળખપત્ર' આપવાનું નક્કી કરાયા છતા ત્રણ-ત્રણ મહિના સુધી ઓળખપત્ર ઈસ્યુ કરાતા નથી અને ગમે તેટલી ટકાવારીમાં વિકલાંગતા હોય તો પણ પાંચ વર્ષે વિકલાંગતાની ટકાવારી નક્કી કરતું નવુ ડોક્ટરી સર્ટી રજુ કર્યે જ 'ઓળખપત્ર' રિન્યુ કરી અપાય છે... ઓળખપત્ર-રિન્યુઅલની પ્રક્રિયા પણ વિકલાંગો માટે ત્રાસદાયક છે...!

એસ.ટી.બસમાં વિકલાંગોને મફત મુસાફરીની યોજના અમલી છે પરંતુ આ પાસ માત્ર લોકલ અને એક્ષપ્રેસ બસો પુરતો જ સિમીત રહ્યો છે. હાલ રાજ્યભરમાં મોટાભાગે ગુર્જરનગરી જેવી લકઝરી બસો દોડે છે. જેમાં આ પાસ કંડકટરો ચલાવતા નથી.

એસ.ટી. બસોમાં વિકલાંગો માટે બેસવા માટે ત્રણ સીટની એક બેઠક અનામત હોય છે પરંતુ આ બેઠકો પર હટ્ટાકટ્ટા માણસો ગોઠવાઈ જાય છે. પરંતુ વિકલાંગ પુરૂષો માટે તો ઠીક પણ વિકલાંગ મહિલા કે, બાળકો માટે પણ ફરજ પરના કંડકટરો સીટ ખાલી કરાવી આપતા નથી.

સરકારી-અર્ધ સરકારી નોકરીઓમાં વિકલાંગો માટે માત્ર ૩ ટકા અનામત છે. જેમાં અંધ, અપંગ, મુકબધીર સહિતના વિકલાંગોનો સમાવેશ થાય છે. જેમાં ટકાવારી વધારી આપવાની વિકલાંગ સમુદાયની વર્ષોની માંગ પ્રત્યે સરેઆમ ઉપેક્ષા સેવાય છે.

'સંત સુરદાસ યોજના' તળે અપંગોને 'માસિક પેન્શન'જે વિગલાંગ ૭૫ ટકા અપંગતા ધરાવતા હોય તેને અપાતુ. જેમાં સરકારે નવો ફતવો બહાર પાડી ૮૦ટકા વિકલાંગતા અને બી.પી.એલ. ધારક હોય તેમજ આ પેન્શન યોજનાનો લાભ મળી શકશે. તેવું જાહેર કરતા સેંકડો અપંગો આ યોજનામાંથી બાકાત થયા છે. સામાન્ય રીતે ૭૫ ટકા વિકલાંગતા ધરાવતી વ્યક્તિ હાથ-પગ ઢસરડીને જ ચાલતી હોય છે.

આજે વિશ્વ વિકલાંગ દિન

રાજ્યમાં અપંગોને ડોક્ટરી સર્ટી તથા ઓળખપત્ર આપવા માટે તાલુકે તાલુકે કેમ્પો યોજાય છે. પરંતુ આ અંગેની અગાઉથી પુરતી જાહેરાત જ થતી નથી. વિકલાંગ વિધવા મકાન સહાય યોજનાની પ્રક્રિયા લાંબી લચક છે જે સરળ બનાવવી જરૂરી છે.

અપંગોને રાહતદરે જમીન આપવાની યોજના મોટાભાગે કાગળ પર છે. અપંગોને 'સાધન સહાય'માં વિવિધ સહાયની આવશ્યકતા છે, પરંતુ હાલ અમુક જ પ્રકારની સહાય અપાય છે જે અપુરતી છે.

અપંગોને સરકારે રક્ષીત જાહેર કર્યા છે પરંતુ આજની તારીખે અપંગો શ્રમનું કામ કરે છે અને અકસ્માતે મૃત્યુને ભેટે છે. સમાજ સુરક્ષાનું 'ઓળખપત્ર' ધરાવનાર દરેક વિકલાંગને સરકારે જુથ વીમા યોજના તળે આવરી લેવા જોઈએ અને પ્રિમીયરની રકમ સરકારે ભરવી જોઈએ.

રાજ્યમાં કચડાયેલ જુદા જુદા સમુહવર્ગ અને સમુદાયોના બોર્ડ નિગમો છે ત્યારે સરકારે સનદી અધિકારીના અધ્યક્ષપણા તળે 'ગુજરાત વિકલાંગ વિકાસ બોર્ડ'ની રચના કરવી જોઈએ અને આ બોર્ડ દ્વારાજ વિકલાંગોને ખાસ સબસીડી સાથેના લોન ધિરાણ સહિતની સર્વાંગી વિકાસની યોજનાઓ અમલમાં મુકવી જોઈએ.

અને છેલ્લે... વહિવટીતંત્રમાં બેઠેલા અધિકારીઓ-પદાધિકારીઓ-કર્મચારીઓનું વલણ અપંગો પ્રત્યે સૌજન્યશીલ-વિવેકસભર અને સહાનુભૂતીપૂર્વકનું હોવું જોઈએ... સૌને એ યાદ રહે કે, 'વિકલાંગ કોઈપણ જાતીમાં વર્ગમાં સમુહમાં કે, ગરીબ-તવંગર ગમે ત્યાં હોઈ શકે, જન્મી શકે અને સાજા-સારા પણ કમનસીબે વિકલાંગ બની શકે..!'

જુનાગઢ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ લીલાભાઈ ખૂંટીનું અવસાન

અમદાવાદ, તા. ૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા અને કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જુનાગઢ જિલ્લા કોંગ્રેસના પ્રમુખશ્રી લીલાભાઈ ખૂંટીના થયેલા દુઃખદ અવસાન બદલ ભારે શોકની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, શ્રી લીલાભાઈ ખૂંટીએ જુનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે પક્ષ માટે નિષ્ઠાથી કામ કર્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા અને કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે સદ્‌ગતના પરીવારજનોને સાંત્વના પાઠવી છે.

રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં ઘટાડો

અમદાવાદ, તા. ૨

અમદાવાદ શહેર સહિત રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં આજે ઘટાડો થયો હતો. ઠંડીથી રક્ષણ મેળવવા લોકોએ રૂમ હિટરોનો ઉપયોગ કર્યો હતો જ્યારે ગરીબ લોકોએ તાપણાનો આશરો લીધો હતો જ્યારે દિવસે પણ લોકોએ ગરમ વસ્ત્રો પહેર્યા હતા. રાજ્યના ૮ શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીથી ઓછું નોંધાયુ છે. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી નલિયામાં૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલેરાજ્યના તમામ જિલ્લા દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાંઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે અને અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે તથા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન ૨૯.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુંહતું. હવામાં ભેજનુંપ્રમાણ સવારે ૮.૩૦વાગે ૬૩ટકા અને સાંજે૫.૩૦ વાગ્યે ૪૫ ટકા નોંધાયું હતું. રાજ્યમાં લઘુત્તમ તાપમાન વડોદરામાં ૧૫.૩, રાજકોટમાં૧૩.૫, સુરતમાં૧૭, ભુજમાં ૧૩.૫, ભાવનગરમાં૧૫.૭, નલીયામાં ૯, ડીસામાં૧૩.૪, અમરેલીમાં૧૧.૭, ગાંધીનગરમાં૧૪, મહુવામાં૧૨.૭, દીવમાં ૧૬.૧, વલસાડમાં ૧૩.૬, પોરબંદરમાં૧૫.૬, સુરેન્દ્ર નગર ૧૫.૬ ડીગ્રી સેલ્સિયસ નોંધાયુંહતું.

શાકભાજીના ભાવ ઘટતાં રસોઈમાં રોનક દેખાઈ

પાંડદાવાળા શાકભાજીથી લઈને અન્ય શાકભાજીઓનું આગમન બજારોમાં થયું : બટાકા-ડુંગળીના ભાવ સ્થિર

ગાંધીનગર, તા. ૨

મોંઘવારીનો માર ઝીલી રહેલા મધ્યમ વર્ગીય પરિવારોને શાકભાજીના ઘટતા ભાવોએ રાહત આપી છે. દિવાળી પછી સતત ઘટી રહેલા ભાવોના કારણે સસ્તા ભાવે ઉપલબ્ધ શાકભાજીએ રસોઈની રોનક વધારી છે. શાકભાજીના ભાવો ૧૦ થી ૧૫ ટકા જેટલા ઘટ્યા છે.

દિવાળી પછી શાકમાર્કેટમાં શાકભાજીઓની આવક વધવા માંડી છે. વળી તુવેર, વટાણા જેવી નવી શાકભાજીનું આગમન થયું છે. વળી તેના ભાવો પણ નીચા ઉતરતા ગૃહિણીઓ તેની ખરીદી કરી રહી છે. જથ્થાબંધ ભાવોની વાત કરીએ તો ટામેટાના ૨૦કિલોના ભાવ રૂ. ૨૦૦ થી ૨૪૦ હતા તે ઘટીને ૧૬૦ થી રૂ. ૨૦૦ થઈ ગયા છે. કિલોના ભાવ પણ ૧૦ રૂ. સુધી પહોંચી જતા ગૃહિણીઓ ખુશ છે. તુવેર નવી નવી બજારમાં આવી ત્યારે તેનો છુટક ભાવ જ ૮૦ થી ૧૦૦ રૂ. હતો તે ઘટીને હવે ૪૦ થી ૫૦ રૂ.ની વચ્ચે પહોંચ્યો છે. કોબી અને ફ્લાવરના ઢગલે ઢગલા બજારોમાં આવી રહ્યા છે. જેના કારણે બજારોમાં તે ૫ થી ૧૦ રૂ.ના ભાવે વેચાય રહ્યા છે. દુધી અને રીંગણના ભાવો સાધારણ ઘટ્યા છે. લીલી ડુંગળી, લીલુ લસણ, પાલક, મેથીની ભાજી અને કોથમીરની આવક ખુબ વધી છે. જેના કારણે ગૃહિણીઓ નીત નવી રસોઈ અને શાક બનાવવા પર હાથ અજમાવી રહી છે. ગાજરની સીજન હજુ થોડીક દિવસો પહેલાં જ શરૂ થતાં તેના ભાવો થોડાક ઉંચા છે. પરંતુ જેમ જેમ તેની આવક વધશે તેમ તેમ તેના ભાવો ઘટવા માંડશે.

જો કે સુકી ડુંગળી અને બટાકાના ભાવો સ્થિર રહ્યા છે. નવી આવકો હાલમાં બંધ રહેતા તેના ભાવો સ્થિર રહ્યા છે. વળી લગ્નગાળો ચાલુ હોઈ આવક વધી હોવા છતાં ભાવો જોઈએ તેટલા ઘટ્યા નથી. તે પછી ભાવો ખુબ ઘટી જશે તેવું અનુમાન છે.

તલાટીએ ધર્મની બહેનને છેતરીને લગ્ન કરી લીધાં !!!

લોન પેપર કહીને મેરેજ પેપર પર સહી કરાવી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીકનાં જ એક ગામમાં યુવતીની પાસે રાખડી બંધાવીને ધર્મની બહેન બનાવી વિશ્વાસમાં લઈ લીધા બાદ એક તલાટીએ લોન લેવા માટે લોન પેપર પર સહી કરી આપવાનું કહીને યુવતીને છેતરીને મેરેજ પેપર પર સહી કરાવી લઈ લગ્ન કરી લીધા હોવાની ચોંકાવી મુકે તેવી ફરીયાદ પોલીસ ચોપડે નોંધાવા પામી છે. સે. ૭ પોલીસે આ ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. ચંપાવતે તપાસનો દોર શરૂ કર્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગર નજીકના એક ગામમાં રહેતી ૨૪ વર્ષીય યુવતી ગ્રામમિત્ર તરીકે સેવા આપી રહી હતી. તે સમયે તલાટી તરીકે ફરજ બજાવતા રણવીરસિંહ દિલીપસિંહ રાણા સાથે તે યુવતી ગ્રામ મિત્ર હોવાથી સંપર્કમાં આવી હતી. દરમ્યાન બન્ને વચ્ચે સારો મનમેળ આવી ગયો હતો. યુવતી તલાટીને ભાઈ તરીકે દેખતી હતી અને તલાટીને રક્ષાબંધને રાખડી પણ બાંધતી હતી.

ધર્મની બહેન બનેલી યુવતી પર તલાટીએ નજર બગાડી અને તેણીની સાથે લગ્ન કરવા મનોમન પ્લાન ઘડી કાઢ્યો. પોતાને લોન લેવી હોવાથી લોન પેપર પર સાક્ષી તરીકે સહી કરી આપવા તલાટીએ ધર્મની બહેનને આજીજી કરી હતી. મનોમન તલાટીને ભાઈ માનતી યુવતીએ કાગળો સંદર્ભે પૃચ્છા કરતાં તેણે લોન પેપર્સ હોવાનું જણાવ્યું હતું. અને કહ્યું હતું કે તુ મારી ધર્મની બહેન છે. તો પણ મારા પર વિશ્વાસ નથી..? યુવતીને વિશ્વાસમાં લઈને તેણીના ફોટા તે ફોર્મ પર ચોંટાડીને સહી કરાવી લીધી હતી. યુવતીને ધ્યાને આવ્યું કે તલાટીએ જે કાગળો પર સહીઓ કરાવી દીધી હતી તે લોન પેપર નહી પરંતુ મેરેજ પેપર્સ હતાં...! ચોંકી ઉઠેલી યુવતીએ પોતાને ધર્મની બહેન બનાવીને છેતરીને તલાટીએ કરી લીધેલા લગ્ન સંદર્ભે પોલીસ ફરીયાદ દાખલ કરાવી છે. શૂન્ય નંબરથી સે. ૭ પોલીસમથકે આવેલી ફરીયાદ નોંધીને પી.એસ.આઈ. ચંપાવતે આ સંદર્ભે સઘન તપાસ હાથ ધરી છે.

શબ્દાવલી - ૪૯૧૨

૧	૨	૩		■	૪		૫
૬			■	૭		■	
	■		■	૮		૯	
૧૦	૧૧	■	૧૨				■
૧૩		૧૪		■	■	■	૧૫
	■	૧૬		■	૧૭		
■	૧૮		■	૧૯		■	
૨૦			■	૨૧			

આડી ચાવી

૧. મુંઝવણ, દ્વિધા (૪)
૪. ખોટ, ખામી (૩)
૬. જુસ્સો, જોમ (૩)
૭. મોજ (૨)
૮. ઉજાગરો (૪)
૧૦. વિદ્યુત (૨)
૧૨. ગ્રામર (૪)
૧૩. પરોઢ, સવાર (૪)
૧૬. ખેતીનું સાધન (૨)
૧૭. અન્ન-જળ (૩)
૧૮. તેજ (૨)
૧૯. શોધ (૨)
૨૦. સ્ફૂર્તિ, ફ્રેશ (૩)
૨૧. કલાકાર, ગીતકાર (૪)

ઊભી ચાવી

૧. ચર્ચા-વિચાર (૬)
૨. સન્માન, આદર (૨)
૩. સમગ્ર, સર્વ (૨)
૪. પ્રકાશિત, પ્રકાશમય (૪)
૫. ઘોડા પર બેસવા માટે કાંઠડો મુકાય તે (૩)
૭. મશ્કરી, મસ્તી (૩)
૯. રેતીનું મેદાન (૨)
૧૧. પાણી, વૉટર (૨)
૧૨. વ્યગ્ર, બહાવરૂં (૩)
૧૪. ભાગીદારી (૪)
૧૫. હલ્દી પાઉડર (૪)
૧૭. મેશ, આંજણ (૩)
૧૮. ચાલુ દિવસ, ટુડે (૨)
૧૯. બીક, ભય (૨)

શબ્દાવલી ૪૯૧૧ના જવાબ

આડી ચાવી :- (૧) ભાજીમૂળા (૫) ઝાડી (૬) પામર (૮) ફકર (૧૦) ઉકરળો (૧૨) ઝડપ (૧૩) લસરપટ્ટી (૧૬) વિરહ (૧૭) મદીરા (૧૮) કારતક (૨૧) મક્કાર (૨૨) રૂડું

ઊભી ચાવી :- (૧) ભાજીપાંઉ (૨) મૂકરર (૩) બડીફઝર (૪) ગુંદરપટ્ટી (૭) મકતુ (૯) કડપ (૧૧) ડૉલર (૧૪) સહકાર (૧૫) કામળો (૧૬) વિરામ (૧૯) તરૂ (૨૦) કડુ

રવિ સક્સેનાને કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયામાં 'સીએસઆઈ પેટ્રન ઍવોર્ડ' એનાયત થયો

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજ્યના અધિક મુખ્ય સચિવ (સાયન્સ એન્ડ ટેક્નોલોજી) શ્રી રવિ એસ. સક્સેનાને શનિવારે કોલકતા ખાતે યોજાયેલા એક ભવ્ય સમારંભમાં 'સીએસઆઈ પેટ્રન ઍવોર્ડ' એનાયત કરાયો હતો.

સીએસઆઈના ૪૭માં વાર્ષિક સંમેલન પ્રસંગે યોજાયેલા આ ઍવોર્ડ સમારંભમાં પ્રવચન આપતાં કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયાની ઍવોર્ડ કમિટિના ચેરમેન શ્રી એમ.ડી. અગ્રવાલે જણાવ્યું હતું કે શ્રી સક્સેનાની કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયાની ઍવોર્ડ સમિતિ અને એક્ઝિક્યુટિવ કમિટિ દ્વારા તેમના સીએસઆઈને આપેલા નોંધપાત્ર યોગદાન અને જનસમુદાયના લાભાર્થે આ ઈસીટીના ઉપયોગને પ્રોત્સાહિત કરવામાં તેમણે કરેલી કામગીરી બદલ આ ઍવોર્ડ માટે સર્વાનુમતે પસંદગી કરાઈ હતી.

તેમણે માહિતી આપી હતી કે શ્રી રવિ સક્સેના ડીજીટલ સશક્તિકરણના ચેમ્પિયન છે અને સમાજના નીચલા વર્ગ સુધી ઈચ્છીત લાભો પહોંચાડવા માટે માહિતી ટેકનોલોજીના વ્યાપનો ઉપયોગ કરીને આ લાભો આ સમુદાય સુધી પહોંચે તેની ખાત્રી રખાય છે. તેમની કારકીર્દિની શરૂઆતથી જ તેમના શાસનમાં કાર્યક્ષમતામાં વૃધ્ધિ તથા પારદર્શકતા લાવવા માટે માહિતી ટેક્નોલોજીનો ઉપયોગ કરતા રહ્યા છે. ખેડા જીલ્લાના કલેક્ટર અને ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ (૧૯૮૫ થી ૧૯૮૮) દરમ્યાન તેમણે કુદરતી સ્રોતોની માહિતીની વ્યવસ્થાપન પધ્ધતિ માટે પાયલોટ ધોરણે ડીસ્ટ્રીક્ટ કોમ્પ્યુટર સેન્ટરની સ્થાપના કરી હતી. જીલ્લા આયોજન બોર્ડ દ્વારા હાથ ધરાતા વિવિધ પ્રોજેક્ટના મોનીટરીંગ માટે તેમણે આ પધ્ધતિઓ અમલમાં મૂકી હતી. ૧૯૮૯માં ડાયરેક્ટર (ન્યુક્લિયર પાવર) ડીપાર્ટમેન્ટ ઓફ એટમીક એનર્જી તરીકે એટમીક એનર્જી ડીપાર્ટમેન્ટમાં તેમણે કોમ્પ્યુટર આધારિત વર્ક ફ્લો મેનેજમેન્ટ સિસ્ટમ સ્થાપી હતી. તેમણે પ્રોજેક્ટ ઈન્ફોસીટીનો કન્સેપ્ટ તૈયાર કર્યો હતો અને ગુજરાત સરકારની પ્રથમ વેબસાઈટ gujindia.com ની ૧૯૯૯માં શરૂઆત કરાવી હતી.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન